

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




ઉતાવળ બહાને અંગત કંત્રાટીને ખટાવી લ્યો!
ગોડસેનું ચગે તે પ્હેલાં નામ ગાંધીનું વટાવી લ્યો!
ચટાવી લ્યો મધ રિલાયન્સનું મોંઘેરા મહેમાનોને -
કરોડોની કરી 'ગાંધી કુટિર', ઝૂંપડાં હટાવી લ્યો!
(વાઇબ્રન્ટની કમકમાટી)

દઇ ધો છૂટ,
ચોરી લૂંટફાટની -
દસ દિવસ!
(પોલીસ, બંદોબસ્તમાં)

જતાં ડરે છે!
ભાજપની બોડમાં
મુફ્તી મૃગ..
(પીડીપીની અવઢવ)




## ચિંતન

**સ્વ જાતીય વિધાતાય મહાત્મ્યં દશ્યતે નૃણામ્ । શ્યેનો વિહંગ માનેવ હિનસ્તિ ન ભુજંગમાન્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ સામાન્ય નીતિનો આ શ્લોક છે :

'સામાન્યતઃ પોતાની જાતિનો જ વિનાશ કરવામાં જ માણસોને પોતાનું મોટાપણ, બળ-શક્તિ દેખાય છે દાખલા તરીકે બાજ પક્ષી પોતાનાં જ કુળ ગણાય એવાં પંખીઓનો જ શિકાર કરી તેમનો નાશ કરે છે અને એમાં જ પોતાની 'શક્તિ' નું પ્રદર્શન માને છે એ 'સાપ' ને તો મારી નથી શકતું.'

આજકાલ દરેક પંથમાં જુદા જુદા ફાંટા હોય છે અને એમનાં વચ્ચે મોટા મતભેદ હોય છે જે 'કટ્ટર' બની રહે છે 'શિયા-સૂની' પંજાબીઓમાં પણ અકાલી વગેરે... દરેક પંથ-સંપ્રદાયમાં આવા મતભેદ થતાં નૂકશાન કારક દ્વેષ પેદા થાય છે. 'માનવજાત' એક થઇ પોતાના શત્રુ જેવા રોગો-દુષણો સામે લડતા નથી પણ 'વસુધૈવ કુટુંબ' જેવા પરિવારમાં જ મતભેદ ઉભા કરે છે.

## સુવિચાર

- કટુવાણી સુણે જો કોઇની, સામે વાણી મીઠી કરજે,
  પરાઇ મૂર્ખતા કાજે, મુખે તુ ઝેર ના લેજે **- બાલશંકર કંથારિયા**
- જયારે આપણને કોઇનું એઠું અન્ન ખાવાનું ગમતું નથી, તેમ બીજાના એઠાં વિચારો આંખો મીંચીને સ્વીકારી લેવાનું ગમવું ન જોઇએ **- એસ. ભટ્ટાચાર્ય**
- જયારે તમને ધન મળે છે ત્યારે તમને તેની રક્ષા કરવાની જરૂર લાગે છે, તમને જયારે જ્ઞાન મળે છે ત્યારે તેમાં કોઇક સહભાગીની જરૂર લાગે છે... જયારે તમને શાણપણ મળે છે ત્યારે તમને કશી જ જરૂર જણાતી નથી **- ચંદુલાલ હુકરાલ**
- માણસને કરેલો પ્રેમ કોક'દી ભગવાન સુધી પહોંચશે જ **- પોપ જહોન પોલ**
- શરીરમાં તાવ હોય અને જીભ ઉપર સાકર મુકવાથી કદાચ મીઠાશ ન અનુભવાય એ શક્ય છે, શરીરમાં સાપનું ઝેર ચડ્યું હોય તો જીભ ઉપર કડવા લીમડાની કડવાશ ન અનુભવાય શક્ય છે, પરંતુ આપણા કદમ જો સત્ય + પુરુષાર્થના માર્ગ પર છે તો 'બદનસીબ' આવે એવી કોઇ કોઇ શક્યતા નથી **- ધર્મસૂત્ર**
- આપણને ઇશ્વરનું એટલું જ કામ હોય છે કે એ આપણા દુઃખ દૂર કરશે, ભક્તિ કરવાથી જો આપણાં દુઃખ દૂર થતાં હોય તો આપણને ઇશ્વરનાં દર્શનની કોઇ જરૂર નથી **- જ્ઞાનસૂત્ર**
- તાકતવરનું શસ્ત્ર છે પ્રેમ અને કમજોર લોકોનું શસ્ત્ર છે તિરસ્કાર **- મધર ટેરેસા**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ મેનેજમેન્ટ કન્સલટંટ, એક્સપર્ટ એડવાઇઝર, વાસ્તુશાસ્ત્રીઓ - વૈદ્યો-ડોક્ટર બધા દૂકાન ખોલી હજારોની ફી લઇ, બેઠા હોય છે અને ગોળ ગોળ - અશક્ય સલાહ આપે જે સામાન્ય માનવી ને માટે એ અશક્ય જેવી જ હોય!

એક કાનખજૂરાને ઘણા બધા પગ હતા. રોજ ચાલી ચાલી ને એના પગ દુખતા - પીડાથી એ કંટાળી ગયો હતો. કાગડાને વાત કરી. મારા પગ ખૂબ દુખે છે.

કાગડો કહે આ જમાનો એક્સપર્ટ કન્સલટંન્સીનો છે થોડી ફી વધારે લેશે પણ સાચી સલાહ મળી જશે. તું મોટા 'ઘૂવડ' ડોક્ટર છે વિદેશી ડિગ્રીઓ ધરાવે છે એ માત્ર સલાહ જ આપે છે એને બતાવી આવ! એ વખણાય છે.

ઘૂવડ ડો.ની ઓફિસમાં મોટી લાઇન હતી બધાને ઉતાવળે જોઇ તપાસી ઝપાટાબંધ સલાહ આપી કાઢી મૂકતા..

કાનખજૂરાએ પગ દુખવાની વાત કરી. ડો.એ ઉપરછલ્લુ જોઇ કહ્યું, તમારે તો ઘણા પગ છે જે દુખતા હોય તે કપાવી નાખો!'

કાનખજૂરાએ ફી આપી - જીવ કપાઇ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# સર્વેના જીવનમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગનો દધિ હિલોળા લે અને સર્વેનું જીવન સેવામય, સુખમય, સમૃદ્ધિમય, શાંતિમય અને સુખાકારી ભર્યું આરોગ્યપ્રદ નિવડે તેવી શુભકામના

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● **'નવલા વર્ષની શુભકામના'**

સર્વધર્મ સહચારની ઉદાત્ અને ઉચ્ચ શુભ ભાવનાને ભારતે ખેલદિલીપૂર્વકની સ્વીકૃતિ સાથે, આદિ-અનાદિ કાળથી અપનાવીને તેને ચરિતાર્થ કરવા અને 'વસુદૈવ કુટુંબકમ્' ની વિશાળ ભાવનાને સાંગોપાંગ પાર ઉતારવા કટિબદ્ધતા દાખવી છે ત્યારે, અનેક નવલી આશાઓ - અપેક્ષાઓ - એષણાઓને જીવતા; ઈસુના ૨૦૧૫ના નવલા વર્ષના દરેક મંગલમય પ્રભાતની ઝળહળતી નવજયોતના નવા ઉજાસના અજવાળે ઉજાળીને અને ખંડિત થતી જતી 'માનવતા'ની મૂર્તિને પુનઃકંડારીએ. સર્વેના હૃદયકમળમાં દયા, પ્રેમ, પરોપકાર, માનવતા અને સર્વધર્મ સમભાવનાની ઉચ્ચ અને ઉદાત્ત ભાવનાનાં મધમધતા પુષ્પ ખીલી, તેની ફોરમ સર્વત્ર ફોરી ઊઠે તેવી વિચારસરણી દરેકના દિલમાં વહેવડાવા જગતનિયંતાને દધિ છલકતી પ્રાર્થના. સર્વેના જીવનમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગનો દધિ હિલોળા લે અને સર્વેનું જીવન સેવામય, સુખમય, સમૃદ્ધિમય, શાંતિમય અને સુખાકારી ભર્યું આરોગ્યપ્રદ નિવડે તેવી શુભકામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન.

**'વ્યંગોક્તિ'**

● પ્રત્યે પ્રાણી આડા છે. માત્ર માનવ જ એક જ સીધું પ્રાણી છે, પણ આડોડાઈ કરે તો પશુ જ કહેવાય!

● ભેરી વાગે ને ભૂંગળ વાગે, ઉપર વાગે તૂરી;
જડની આગળ ચેતન નાચે, શું એ ફજેતી નથી પૂરી ?!

**(મંદિર સંદર્ભે)**

**કાવ્યસેતુ - ચાર મુક્તકો**

(૧) અબળા કદી નિર્બળા નહોતી,
ઈતિહાસ એનો ગવાહ છે.
સાસુ-વહુ ચડે રણસંગ્રામે,
બળિયાની કયાં પરવાહ છે?!
(૨) નિરખી તાજ સંગેમરમર,
સર્વે આફરીન પોકારે છે.
પાયે પૂરાઈ જીવન હોમ્યું છે
એને કયાં કોઈ ગણકારે છે!?
(૩) તુજ આંગણે ઝળહળે દીપ દીપાવલીના
મુજ ગરીબને ગગને તારક ટમટમે!
શિવાકાસીના ફૂટે ફટાકડા તુજ આંગણે
ને મુજ આંગણે ધૂમાડાના ગોટેગાટા રમે!
(૪) પામવા પ્રેમપ્રતિક તાજનું,
નૂરજહાન બનવું પડે.
જીવતાં તો તાજ કદિ ન બને,
એ માટે સ્વાર્પણ કરવું પડે!

**- 'દધિ'**

**વસુધૈવ કુટુમ્બકમ્**

'ગુડ ઈવનિંગ' સ્મિત સાથે
કહેવા સાવ અજાણ્યા જણ
સમી સાંજે ટહેલતો જયારે
પરદેશે હું હતો ત્યારે.
અનુભવતો રહ્યો અચરજ
અપરિચિત આ વિવેકથી.
અંતે એક મિત્રને બેઠો પૂછી :
'અજાણ્યાને શુભેચ્છાની
અહીં આ રીત છે કેવી?
પરિચિતો પણ અમારે દેશ તો
ફેરવી લે છે ચહેરો કદી કદી.'
હસીને પ્રશ્ન કર્યો એણે :
'જોઈ છે કીડીની હાર કદી ભીંતે?
ને સામેથી આવતી કીડી સાથે
રસ્તે થતી ભેટંભેટીને?'
ઊમેર્યુ : 'કેવો પ્રેમ જતુંને ય
ઊભરાય છે નિજ ભાંડુને જોતાં!
તો આપણે તો માનવી,
શ્રેષ્ટ સર્જન પ્રભુનું!
તેથી, ભલે ને સાવ અપરિચિત,
પણ આપણા જ માનવબંધુને
એકાદ સ્મિત કરીને
પ્રેમભરી શુભેચ્છા ય ન દઈએ?'

**- મહેન્દ્ર પુરોહિત**
**('સંવેદનાનો સાદ' માંથી સાભાર)**

એક દિવસ
એણે 'હું'ને દફનાવ્યો.
થોડા દિવસ પછી ત્યાં,
એક કોમળ અંકુર ફુટ્યું.
પછી વિકસ્યો લીલોછમ્મ છોડ.
છોડ જલ્દીથી વટવૃક્ષમાં ફેરવાયો.
હવે એની શીળી છાયા સૌને,
શાતા અને આરામ આપે છે.

**- સૂચિતા કપૂર ('કશિશ'માંથી સાભાર)**

મારી અંદર,
સળગતો અગ્નિ,
સતત આહુતિ માંગે છે.
મારી અંદર જાગતા દુર્ભાવોની,
ક્રોધ, અહં, ઈર્ષાની,
વેર, વાસના, વિકારોની.
નહીં તો એ મને જ બાળે છે.
ને આહુતિ લે છે,
ઈન્સાનિયતની.

**સૂચિતા કપૂર ('કશિશ' માંથી સાભાર)**

**મુગ્ધાને યૌવન બેહું**

મુગ્ધાને યોવન બેહું
ડાળ ડાળ ખીલી વસંત લૂમેઝૂમે રે યૌવન
મુગ્ધાને યૌવન બેઢું રે શમણાનું કોલાહલ પેઠું.
ઉર ઉપવનમાં મન ટહેલતું
અંબરમાંયે એ ઊડતું
મુગ્ધાને યૌવન બેઠું.
ફૂલ ફૂલ પર મધુ ઝરતું
ચૂર ચૂર હૈયું હરખાતું
મુગ્દાને યૌવન બેઠું.
ફાટ ફાટ મન લજાતું
રૂંવે રૂંવે યૌવન ઉમટતું
મુગ્ધાને યૌવન બેઠું.
અંગ અંગ કોમળ છલકતું
રજ રજ પુલકિત મહેકતું
મુગ્ધાને યૌવન બેઠું.
ડાળ ડાળ ખીલી વસંત લૂમેઝૂમે રે યૌવન
મુગ્ધાને યૌવન બેઠું રે શમણાનું કોલાહલ પેઠું
મુગ્ધાને યૌવન બેઠું.

**- સ્વાતિ મહેતા 'હેલી'**
**('દરિયો' માંથી સાભાર)**

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વાઈબ્રન્ટ ગુજરાતના મનમોહક રંગોમાં એક રંગ NRGનો...

## વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૫

- રમેશ તન્ના

'તમે અમદાવાદ રહેતા હોવ અને તમારે ડાંગ જિલ્લાના આહવા જવાનું હોય તો?'

'ફ્લાઇટ કે ટ્રેન તો ત્યાં જતી નથી. વાહન માર્ગે જ જવું પડે. નવેક કલાક થાય. જો કે જવું જ પડે તેમ હોય, અનિવાર્ય હોય તો જ જઇએ.'

'સરસ, કેટલી વખત જાઓ?'

'એટલે? એક વાર કામથી વારંવાર જવાનું થાય તો?'

'પરંતુ જો કોઇ કામથી વારંવાર જવાનું થાય તો?'

'કંટાળો આવે. અમદાવાદથી આહવા જવું સહેલું નથી. મુસાફરી થકવી નાખે.'

વાત સાવ સાચી છે. અમદાવાદથી આહવા જવાનું સમયની રીતે અને રસ્તાની રીતે આનંદ આપે તેવું નથી. એમાંય વારંવાર જવાનું તો ના જ ગમે!

અલબત્ત, અમેરિકાના બોસ્ટન શહેરમાં રહેતા ડો. અશોક પટેલની વાત નિરાળી છે. અમદાવાદથી આહવા જવાની વાત તો છોડો, તેઓ છેલ્લા થોડા વર્ષોથી બોસ્ટનથી આહવા ૩૫ વખત આવી ચૂક્યા છે. સહેજ પણ કંટાળો નહિ, થોડો પણ થાક નહિ. આવવાનું એટલે આવવાનું જ. પૂરા ઉત્સાહથી, પૂર્ણ આનંદથી.

કેમ? બોસ્ટનમાં રહેતા, હાર્વડ યુનિ.માં ભણેલા, બોસ્ટનનાં પોતાનું ધીખતું ક્લિનિક ચલાવતાં અશોકભાઇને કેમ વારંવાર આહવા આવવું પડે છે? અને તે અત્યાર સુધી ૩૫ વખત આહવા આવી ગયા છે? માનવામાં આવતું નથી.

ઝડપથી માનવામાં ના આવે અને નવાઇ લાગે તેવા, આવા ઘણા રંગ વતનપ્રેમી એનારજી વાઇબ્રન્ટ ગુજરાતમાં પૂરે છે. ભારત બહાર આશરે બે કરોડ ભારતીયો (એનઆરજી) વસે છે તેમાંથી ૬૫ લાખ ગુજરાતી (એનઆરજી) હોવાનો અંદાજ છે. આ બધા એનઆરઆઇ કે એનઆરજીના તનથી વતન છૂટે છે, પણ મનમાંથી, હૃદયમાંથી વતન છૂટતું નથી. ભલે વતનપ્રેમી ગુજરાતી હજારો ક્લિોમીટર દૂર વસો હોય, પણ તેના હૃદયમાં તો સતત પોતાનો દેશ, પોતાનો પ્રદેશ ધબકતો જ હોય છે.

ભૂગોળ બે પ્રકારની હોય છે. એક જમીનની ભૂગોળ અને એક હૃદયની ભૂગોળ. જમીનની ભૂગોળથી વતન છૂટે, પણ હૃદયની ભૂગોળમાં તો વતન કાયમ અકબંધ જ રહે. તેના ધબકારા સાંભળે ત્યારે જ એનઆરજીને મીઠી ઊંઘ આવે.

ડો. અશોક પટેલ પણ આવી મીઠી ઊંઘના માણસ છે. તેમને ડાંગના વડા મથક આહવામાં આદિવાસીઓ માટે આરોગ્ય ધામનું નિર્માણ કરવાની બીડું ઝડપ્યુ છે. આઠ કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. બે અઢી કરોડ રૂપિયાનો વેંત કરવાનો હજી બાકી છે. ડો. અશોક પટેલ સતત દોડી રહ્યા છે. તેમના હૃદયમાં છે આદિવાસીઓના આરોગ્યનું હિત. ગુજરાત સરકાર પણ તેમને આ કાર્યમાં પ્રારંભથી જ ખૂબ જ સહયોગ આપી રહી છે.

હવે મળીએ અમેરિકામાં જ વસતાં ત્રિગુણાતીત પંચોલીને. તેઓ ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર રવિશંકર રાવળના શિષ્ય. હવે તો વર્ષોથી અમેરિકામાં વસે છે. તેમની પાસે દુર્લભ કહી શકાય તેવી કરોડો રૂપિયાની હસ્તપ્રતો હતી. અમેરિકાના કોઇ પુસ્તકાલયને આ હસ્તપ્રતો વેચી હોત તો તેમને કરોડો રૂપિયા મળ્યા હોત. જોકે તેમણે જૈફવયે અમદાવાદમાં આવી, લથડતા પગલે અનેક સંસ્થાઓનો સંપર્ક કરીને, પાકી તપાસ કરીને એલ.ડી. ઇન્ડોલોજીને આ હસ્તપ્રતો ભેટ ધરી.

એન.આર.જી. રતિલાલ ચંદરિયાએ તો ગુજરાતી ભાષા પર મોટો ઉપકાર કર્યો. વર્ષો પહેલાં તેમને કોમ્પ્યુટરની મદદથી ગુજરાતી ફોન્ટ બનાવવાનું કામ શરૂ કર્યું. તેમને ગુજરાતી લેક્સિકોનના માધ્યમ દ્વારા આધુનિક ટેક્નોલોજીની મદદથી વિશ્વમાં ગુજરાતી ભાષાનો પ્રચાર કર્યો.

આ છે ગણપતભાઇ પટેલ. મૂળ ઉત્તર ગુજરાતના. અમેરિકામાં ધીખતો ધંધો કરે, પણ વતનને બિલકુલ ના ભૂલ્યા. તેમણે શિક્ષણ ક્ષેત્રે ઉદાર સખાવતો આપી. આજે તો ગુજરાતમાં તેમના નામની એક યુનિવર્સિટી છે.

રૂપલ અને રાજેન્દ્ર દેસાઇ. સ્થપતિ. એમાંય ભૂકંપ પછીના નવનિર્માણની ટેકનોલોજીનાં તજજ્ઞ. અમેરિકામાં ખૂબ જ સરસ રીતે સેટ થઇ ગયેલાં. જોકે ભારતે યાદ કર્યા અને બધું જ છોડીને આવી ગયા ગુજરાતમાં. વર્ષોથી અહીં ખૂબ જ સરસ કામ કરી રહ્યાં છે. વિજય છેડા. હૃદયમાં પાંચ સ્ટેન્ટ છે. વર્ષમાં અડધો સમય અમેરિકામાં રહે છે અને અડધો સમય ભારતમાં. કચ્છના માંડવીની બાજુમાં આવેલા બિદડા ગામમાં બેસીને જ આરોગ્ય યજ્ઞ ચલાવે છે તેનો જોટો જડવો મુશ્કેલ છે. તેઓ આરોગ્યની સેવાઓ માટે અમેરિકાથી માત્ર આર્થિક અનુદાન લાવે છે તેવું નથી, અનેક તજજ્ઞો ડોકટરને પણ લઇ આવે છે. કચ્છના ગ્રામીણ વિસ્તારના લોકો માટે તેમના દ્વારા જે કામગીરી થઇ રહી છે તે માનવતાનું ગૌરવ છે.

આ તો મહાસાગરનું એક ટીપું પણ નથી. આરોગ્ય, શિક્ષણ, માનવસેવા... અનેક અનેક ક્ષેત્રોમાં વતનપ્રેમી ગુજરાતીઓ દ્વારા માનવતાનું જે કામ થઇ રહ્યું છે. તે અદ્વિતિય છે. પારકી ભૂમીમાં જઇને બે કે ચાર પાંદડે થયા પછી તેઓ પહેલી વાર કરે છે પોતાની માતૃભૂમિને. તેઓ અલગ અલગ રીતે વતનનો પ્રેમ વ્યક્ત કરે છે. અનેક એનઆરજી એવા છે જેમણે ગુજરાતની વિવિધ પ્રવૃત્તિઓમાં અઢળક અનુદાન આપ્યા છે, તો ઘણાં એવા પણ છે જે પોતે અહિં આવીને પલાંઠીવાળીને બેસી ગયા છે અને ઉત્તમ કામ કરી રહ્યા છે.

આવા વતનપ્રેમી ગુજરાતીઓ ગતિશીલ અને વાઇબ્રન્ટ ગુજરાતનો એક સોહામણો રંગ છે.

# યુવા અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રે અગ્રેસર બનશે ગુજરાત...




ગુજરાત દેશ માટે વિકાસ મોડેલ બનીને ઊભરી આવ્યું છે. છેલ્લા એક દસકથી પણ વધુ સમયથી ગુજરાતની જનતાએ ગુજરાતને વિકાસની નવી ઊંચાઇઓને આંબતું જોયું છે. વાઇબ્રન્ટ ધબકતા ગુજરાતની પ્રતીતિ સૌ કોઇને થઇ રહી છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને દેશનાં વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના વિકાસની જે દિશા અંકિત કરી છે એના ઉપર વધુ તેજ ગતિએ અસરકારક રીતે ગુજરાતને આગળ ધપાવવા માટે દીર્ઘદૃષ્ટિપૂર્ણ નિર્ણયશક્તિ ધરાવતા અને સમર્થ અમલકર્તા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકાર પ્રતિબદ્ધ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સાતમી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫ ગુજરાતના શક્તિ સામર્થ્યને વૈશ્વિક સ્તરે વધુ ઉન્નત બનાવવાનો અવસર બનશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.




આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, ગુજરાતની આગવી ઓળખ બની ગયેલી આ સમિટ માત્ર દ્વિવાર્ષિક ઇન્વેસ્ટમેન્ટ ઇવેન્ટ નહિ, પરંતુ સતત ચાલતી પ્રક્રિયા અને ગ્લોબલ નેટવર્કીંગ - નોલેજ શેરિંગનું સક્ષમ પ્લેટફોર્મ બની છે.

મુખ્યમંત્રીએ વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૫ના પૂવાર્ધરૂપે ગાંધીનગરમાં ઉદ્યોગ-વેપાર જગતના અગ્રણીઓ, વરિષ્ઠ- ઉદ્યોગ સંચાલકો, સહયોગી સંસ્થાઓના પદાધિકારીઓ સાથે મિલન સમારોહ યોજાયો હતો.

શ્રીમતી આનંદીબહેને વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૫માં સહભાગીતા માટે વિશ્વના અનેક દેશોમાં પ્રતિનિધિમંડળો - રાજદૂતાવાસો ઉત્સુક છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં કહ્યું કે, સૈકાઓ પહેલાં ગુજરાતીઓ વેપાર-વણજ માટે સાગર ખેડી વિદેશોમાં જતા તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૩માં શરૂ કરેલી વાઇબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે આજે વિદેશી રાષ્ટ્રો ગુજરાતમાં વેપાર ઉદ્યોગ સંસ્થાપન માટે કતારમાં ઊભા છે.

શ્રીમતી આનંદીબહેને વાઇબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાનું શ્રેય સરકાર ઉપરાંત વેપાર-ઉદ્યોગ જગતના સહયોગને પણ આપ્યું હતું. નાણાં - ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલે વિદેશી રાષ્ટ્રોના વિક્રમી ભાગીદારીથી આગામી વાઇબ્રન્ટ વિક્રમી ભાગીદારીથી આગામી વાઇબ્રન્ટ સમિટ નવા કીર્તિમાન સ્થાપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્ય સચિવ ડી.જે. પાંડિયને વાઇબ્રન્ટ સમિટના આયોજનની તલસ્પર્શી છણાવટ અને મુખ્યમંત્રીના સતત મળી રહેલા માર્ગદર્શનની વિગતો આપી હતી. ઉદ્યોગ અગ્રસચિવ અતાનુ ચક્રવર્તીએ પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું. આ પ્રસંગે રાજય મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.